

# મૃત્યુ ક્યારેક આઘાત આપે છે તો ક્યારેક આશ્વાસન બની જાય છે

**એક ભાઈ સ્મશાનમાં તેમના સ્નેહીની અંતિમક્રિયા દરમ્યાન ઢળી પડ્યા ને મૃત્યુ પામ્યા. સામાન્ય રીતે એવું બને કે ડેડ બૉડીને સ્મશાને લઈ જવાય. એ દિવસે પહેલી વખત એવું બન્યું કે સ્મશાનમાંથી ડેડ બૉડીને ઘરે લાવવામાં આવી**

**સૌ** જાણે છે કે મૃત્યુ કદી ડોરબેલ વગાડીને નથી આવતું. એની સત્તા સમગ્ર બ્રહ્માંડમાં સર્વોપરી છે. ડોરબેલ વગાડ્યા વગર મૃત્યુ પોતાની મરજી મુજબ ગમે ત્યારે ગમે ત્યાં પહોંચી જાય છે. એ તો ઠીક, પણ ક્યારેક એવુંય બને છે કે મૃત્યુએ ડોરબેલ વગાડી દીધી હોય, આપણે એની રાહ જોતા હોઈએ અને એ હાથતાળી દઈને છટકી ગયું હોય. કાયા કંતાઈને કૃશ થઈ ગઈ હોય, એકેય ઇન્દ્રિય સ્વૈચ્છિક રીતે કામ કરતી ન હોય, એ વ્યક્તિનો જીવ અંદરથી રિબાતો-પીડાતો હોય, ડૉક્ટરો પણ છૂટી પડ્યા હોય અને સ્વજનો ય ઇચ્છતા હોય કે હવે આ જીવ છૂટે તો સારું; છતાં એવી અવસ્થા મહિનાઓ-વર્ષો સુધી લંબાયા કરે. એમ લાગે કે મોત મારગ ભૂલી ગયું કે શું?

તો ક્યારેક સાવ અણધાર્યું મોત આવી મળે. આપણે એ માટે સહેજે સજ્જ ન હોઈએ. એના આગમનની કશી એંધાણી ન મળી હોય. ઓચિંતો જ અટેક કરીને એના ક્રૂર-વિકરાળ પંજામાં વ્યક્તિને જકડી લે. માણસના પોતાના કેટકેટલાં કામ અધૂરાં છૂટી જાય. સ્વજનોને કશી ખાસ સૂચના આપવાની હોય તો એ પણ રહી જાય. અંગત વ્યક્તિ સાથે આખરી પળે સંવાદ કે સ્મિતનો વ્યવહાર પણ ન થઈ શકે. આવું મોત સ્વીકારવું સ્વજનો માટે વિકટ બની રહે છે.

## કેવી રીતે સ્વીકારાય?

ગુજરાતી ભાષાના વિદ્વાન સ્વ. જયંત કોઠારીના ત્રણ દીકરા પૈકીનો એક દીકરો રોહિત કોઠારી ૧૫ જાન્યુઆરી ૨૦૧૨ના દિવસે અવસાન પામ્યો. માંડ બાવન વર્ષની ઉંમર અને શરીરથી પૂર્ણ તંદુરસ્ત, ત્રણ-ચાર દિવસ માટે પોતાના પરિવારને લઈને (પત્ની તથા બે પુત્રો) અમૃતસરના પ્રવાસે ગયેલા. અમૃતસર પહોંચ્યા પછી સૌ ઉતારાના સ્થળે પહોંચ્યા. રોહિત કોઠારી કંઈક ચીજ લેવા માટે બહાર નીકળ્યા અને ત્યાં રસ્તામાં જ પડી ગયા. સ્વજનો ઝાઝા દૂર તો નહોતા. સો-દોઢસો ડગલાં દૂર હતા, પણ અમૃતસરમાં અજાણ્યા પુરુષની જેમ તેમનું અવસાન થયું. તેમનો દીકરો પપ્પાને શોધવા નીકળ્યો ત્યારે તેને ખબર પડી કે...

ઓચિંતું મોત પણ ક્યારેક સ્વીકારી શકાય એવું હોય છે. જેમ કે બૉમ્બબ્લાસ્ટ, અર્થક્વેક, એક્સિડન્ટ, ફાયર આવી દુર્ઘટના સર્જાઈ હોય ત્યારે કોઈ પણ ઉંમરની વ્યક્તિ, સંપૂર્ણ તંદુરસ્ત વ્યક્તિ પણ એમાં મૃત્યુ પામે. એ મૃત્યુ આઘાતજનક હોવા છતાં સમજી શકાય એવું હોવાથી એને સ્વીકારી લઈ શકાય છે; પણ એવી કશી દુર્ઘટના ન ઘટી હોય, વ્યક્તિને નખમાંય રોગ ન હોય અને આમ સાવ અચાનક ઢળી પડે એવું મોત શી રીતે એક્સેપ્ટેબલ બને?

**મન્ડે-મંથન**



**રોહિત શાહ**

## સ્મશાનથી ઘરે

આવી જ એક બીજી ઘટના છે. 'આ છે અમદાવાદ' અને 'વેલકમ ટુ અમદાવાદ' જેવાં પુસ્તકોના લેખક ડૉ. માણેકલાલ પટેલ 'સેતુ'ના એક સ્નેહીની વાત છે. એ સ્નેહી તેમના એક સ્નેહીના મૃત્યુ પ્રસંગે ગયેલા. ડેડ બૉડીને લઈને સૌ સ્મશાને પહોંચ્યા. ડેડ બૉડીને અગ્નિદાહ અપાયો અને એકાએક પેલા સ્નેહી ત્યાં ઢળી પડ્યા. જેવા પડ્યા એવા જ મૃત્યુ પામ્યા. સામાન્ય રીતે એવું બને છે કે વ્યક્તિ અવસાન પામે પછી તેની ડેડ બૉડીને સ્મશાને લઈ જવામાં આવે છે. આ ઘટનામાં ફર્સ્ટ ટાઇમ એવું બન્યું કે સ્મશાનમાં મૃત્યુ પામેલી વ્યક્તિની ડેડ બૉડીને ઘેર લાવવામાં આવી. પછી વિધિવત્ વળી પાછી સ્મશાને લઈ જવામાં આવી.

'હમણાં જ આવું છું' અથવા તો 'થોડી વારમાં આપણે ફરીથી મળીએ છીએ' એમ કહીને કોઈ નીકળ્યું હોય અને પછી એ પાછું આવે જ નહીં, ફરીથી કદી મળે જ નહીં... અધૂરી વાત પણ પૂરી ન કરે... સાવ આવું? નથી કોઈ બીમારી, નથી કોઈ દુર્ઘટના.

## સાથે પ્રયાણ

અમારા એક દૂરના સગામાં પણ વિચિત્ર મૃત્યુની ઘટના ઘટી હતી. જોકે એ મોત એક્સેપ્ટેબલ હતું. એક વૃદ્ધ કપલ હતું. બન્નેની ઉંમર લગભગ સિત્તેરથી ઉપરની હતી. ઉંમરના અનુસંધાને બન્ને ઠીક-ઠીક તંદુરસ્ત ગણાય. એક વખત સમી સાંજે પત્ની (માજી)ની તબિયત બગડી. ડૉક્ટરને બોલાવ્યા, ઉપચાર કર્યા; પણ બધું ફોગટ થયું. રાત્રે માજી પરલોક સિધાવી ગયાં. તેમના પતિને પાછલી ઉંમરે સંગાથ ખોયાની પીડા એવી તીવ્રરૂપે થઈ કે સવારે તે પણ મૃત્યુ પામ્યા. બન્નેની ડેડ બૉડીની અંતિમયાત્રા સાથે જ નીકળી હતી. આવું મોત સ્વજનોને જાણે સામેથી આશ્વાસન આપે છે. એ વૃદ્ધ કપલનાં સંતાનોને મા-બાપ ગુમાવ્યાની વ્યથા તો અચૂક થઈ હોય, પણ તે બન્ને સાથે જ ગયાં. સારસબેલડી બનીને ગયાં. એકના વિરહમાં બીજાને ઝૂરવું ન પડે એ રીતે ગયાં. સૌ સ્વજનો-મિત્રો અને સંતાનોની ઉપસ્થિતિમાં ગયાં; એવી અનેક બાબતો દિલાસારૂપ હતી.

## ઉત્તમ મૃત્યુ

મૃત્યુના આપણે અનેક ચહેરા જોયા છે. ક્યારેક સાવ શાંત મુદ્રામાં તો ક્યારેક અતિ રૌદ્ર મુદ્રામાં. ક્યારેક તદ્દન સહજ અને સ્વીકાર્યરૂપે તો વળી કોઈ વખત બિલકુલ અસહજ અને અસ્વીકાર્યરૂપે!

કોઈ વ્યક્તિ ઓવર લિમિટ દારૂ ઢીંચીને રસ્તા પર ગટરના ઢાંકણા પાસે પડીને મરે છે તો કોઈ વ્યક્તિ મંદિરમાં પ્રભુની પ્રાર્થના કરતાં-કરતાં ઢળી પડે છે. આપણે કયું મોત સારું અને કયું મોત ખરાબ એની તરત સમીક્ષા કરવા મંડી પડીએ છીએ. હકીકતમાં પેલો દારૂડિયો અને પેલો ભગતડો બન્ને પોતપોતાની મસ્તીમાં હતા. માણસ પોતાની મસ્તીમાં હોય પછી ગટર શું અને મંદિર શું? તમારે કરવા હોય એટલા ભલે તફાવત કરોને, કોણ ના પાડે છે? માણસ પોતાની મસ્તીમાં મરે એના જેવું રૂડું બીજું શું? દુનિયા તો આમેય ક્યારેક છોડવાની જ છેને! કશા વલોપાત વગર, કશા કષ્ટ વગર અને કશી લાંબી સરભરા વગર જ માણસ પોતાની મસ્તીની ક્ષણોમાં મૃત્યુ પામે એ ઉત્તમ મૃત્યુ ગણાય.

## દરેક જીવની મસ્તી જુદી

એક ગુરુએ પોતાની આખરી ક્ષણે પોતાના શિષ્યોને કહ્યું કે મારી વાત ધ્યાનથી સાંભળો. હવે હું મૃત્યુ પામી રહ્યો છું, પરંતુ મેં મારા જ્ઞાનથી જાણી લીધું છે કે આપણા આશ્રમની બહાર તળાવની ગંદકી પાસે એક ભૂંડણના પેટે મારો જન્મ થવાનો છે. એ ભૂંડણનું બચ્ચું થઈને મારે તળાવની ગંદકી ખાવી પડશે. માટે એ ભૂંડણીના બચ્ચાને તમે તરત મારી નાખજો. એવું જ બન્યું. ગુરુ મૃત્યુ પામ્યા. ભૂંડણ વિયાણી. એને બચ્ચાં થયાં. પેલા શિષ્યો બચ્ચા પાસે છૂરી લઈને ગયા. ત્યાં એક બચ્ચું બોલ્યું, હે મારા શિષ્યો, મેં જ તમને આજ્ઞા કરી હતી કે ભૂંડણીના બચ્ચા તરીકે તમે મને મારી નાખજો જેથી મારે ગંદકી આરોગવી ન પડે. કિન્તુ હવે મને આ ગંદકીનો સ્વાદ ગમી ગયો છે. મારે માટે તો આ બત્રીસ પકવાન અને છપ્પન ભોગ છે. મને મારશો નહીં. દરેક વ્યક્તિની-દરેક જીવની મસ્તી જુદી-જુદી હોય છે.

## આત્મા જ્યોતિસ્વરૂપ છે?

**મોત** શું છે એનું રહસ્ય હજી કોઈ જાણતું નથી. કોઈ કહે છે કે આત્મા દિવ્ય જ્યોતિ છે. તો એ જ્યોતિ કેમ દેખાતી નથી? મીણબત્તી કે કોડિયાનો દીવો પ્રગટાવેલો હોય ત્યારે એ દેખાતો હોય છે. પછી એને ફૂંક મારીને બુઝાવીએ તો એ અદશ્ય થઈ જાય છે. એ જ્યોત ક્યાં જાય છે? હવામાં ઓગળી જાય છે? જ્યોત દૂર જતી, ઓગળતી કેમ દેખાતી નથી? સપોઝ, ફૂંકની સાથે જ્યોત મીણબત્તીથી છૂટીને નીચે પડે (ટેબલ પરથી કાગળ ઊડીને નીચે પડે એમ) તો દેખાય તો ખરીને? મોત પણ આત્મારૂપી જ્યોતિ, જે પહેલેથી જ અદશ્ય હતી, એને કદાચ અદશ્ય સ્વરૂપે જ પોતાની સાથે લઈ જતું હશે?

rohitshah.writer@gmail.com